Received on : 10-03-2026
Registered on : 10-03-2026
Decided on : 23-03-2026
Duration : Y M D
- - 13

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૧૮૯/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** જય ઉર્ફે જેમો પ્રકાશભાઈ ઠકકર,
ઉ.વ.આ.૨૬,ધંધો-શેરબજાર,
રહે. પરીવાર રૂમ્સ, એપા.બ્લોક નં.ડી/૨૦૪,
ગોતા, અમદાવાદ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી

**ગુન્હો :-** બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબ

**સંદર્ભ :-** જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૪૨૫૦૬૬૧/૨૫

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી કે.એચ.ધામાણી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: હુ કમ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧ ૨૦૩૦૦૪૨૫૦૬૬૧/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામે જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર એ.બી.ગોહીલ, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ સી.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી કે.એચ.ધામાણીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૦૪૨૫૦૬૬૧ /૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) થી ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપી સામે કોઈ પ્રથમદર્શનીય ગુનો બનતો નથી. વધુમાં આ કામની એફ.આઈ.આર.ધ્યાને લેતા અરજદાર/આરોપીનો કોઈ રોલ જણાતો નથી તેમજ અરજદાર/આરોપી નાસતા ફરતા હોય તેવી પણ કોઈ હકીકત જણાવેલ નથી કે તેઓના મોબાઈલ નંબર જણાવેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીને રૂા.૧૫,૦૦૦/- આપવામાં આવેલ હોય તેવું ફલીત થતું

નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી વિનિત અશ્વિનભાઈનાઓને હાલના કામના અરજદાર/આરોપી સાથે ઝઘડો થતા હાલના કામના અરજદાર/આરોપીનું નામ આપેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, જો સોગંદનામા મુજબ અરજદાર/આરોપી જામીન મુકત થશે તો વિનિતનું સરનામું નહી મળે કે વિનિત નાસી જશે તેવું જણાવેલ છે. જો કે તપાસ કરનાર અધિકારીના સોગંદનામામાં જણાવ્યા મુજબ પોલીસ વિનિતના ઘરે ગયેલ છે અને તેના ઘરે તાળું મારેલ હતું. વધુમાં હાલના કામના આરોપીના ખાતામાં ૧૫,૦૦૦/- આવેલ હોય તેવું બનેલ નથી. હાલના કામના અરજદાર/આરોપીનું એફ.આઈ.આર.માં નામ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ મુખ્ય આરોપીએ મુખ્ય આરોપી સાથે કોઈ વ્યવહાર કરેલ હોય તેવું બનેલ નથી. વધુમાં આ કામની તપાસ દરમ્યાન અરજદાર/આરોપીના બેન્ક એકાઉન્ટમાંથી કોઈ પૈસા મળેલ નથી. વધુમાં હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારીએ તેમના સોગંદનામામાં અરજદાર/આરોપી નાસી ભાગી જશે કે ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. હાલના કામના અરજદાર/આરોપીએ કોઈ સાહેદ સાથે કોઈ વિશ્વાસઘાત કે છેતરપીંડી કરેલ નથી. હાલના કામના અરજદાર/આરોપી ઉપર કુટુંબની જવાબદારી રહેલ છે. વધુમાં અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહે તે બાબતે હાજર રરહે તે બાબતે યોગ્ય તે કડક શરત કરી શકાય તેમ છે જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે અરજદાર/આરોપી અગાઉ ફો.પ.અ.નં.૦૬/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે અત્રેની કોર્ટ ઘ્વારા

નામંજુર કરવામાં આવેલ છે તેમજ અન્ય આરોપીએ ફો.પ.અ.નં.૨૦/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામની ફ્રોડની રકમ જોતા કુલ રૂા.૧,૨૯,૬૬,૧૦૩/- રહેલ છે. વધુમાં આ કામે તપાસ દરમ્યાન કુલ ૨૧,૦૦૦/- એન્ટ્રીઓ ખુલવા પામેલ છે. આમ, હાલના કામના ગુનાની ગંભીરતા તથા ફ્રોડની રકમ ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી એ.બી.ગોહીલ, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ સી.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું આંક-૦૬ નું સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આરોપી અશ્વિન તુલસીદાસ સુખાનંદી પોતાના ઈન્ડસઈન્ડ બેન્ક જુનાગઢના એકાઉન્ટ નં.૨૫૭૬૦૦૫૫૭૬૦૦ વાળા બેન્ક એકાઉન્ટમાં સાઈબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણવા છતાં અલગ અલગ માધ્યમથી સાઈબર ફ્રોડથી મેળવેલ રૂા.૧,૨૯,૬૬,૧૦૩.૦૧/-( એક કરોડ ઓગણત્રીસ લાખ છાંસઠ હજાર એકસો ત્રણ પોઈન્ટ ઝીરો એક) જે એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો તેમજ ટ્રાન્સફર કરી સગેવગે કરી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે. આ કામે તપાસ દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપીનાઓનું પણ નામ ખુલતા તેઓની ધરપકડ કરવામાં આવેલ છે.

(૬) આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં.૦૬/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ હાલના કામના

ગુનાની તપાસ પુર્ણ થતા અરજદાર તરફે હાલની જામીન અરજી લાવેલ છે. આ કામે અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, આરોપી હિરેન રામભાઈ વાંજાનાઓએ સાઈબર ફ્રોડના નાણા માટે આરોપી અશ્વિનનું એકાઉન્ટ ભાડે લઈ અશ્વિનના બેન્ક એકાઉન્ટની ડીટેલ તથા એ.ટી.એમ.કાર્ડ તથા એક કોરો ચેક તથા લેટરપેડ, આધારકાર્ડ તથા પાનકાર્ડની નકલ તથા ઉધ્યુમ આધાર આપેલા તથા એક સ્ટેમ્પ તથા બેન્ક એકાઉન્ટ સાથે લીન્ક મોબાઈલ નં બરનું સીમકાર્ડ મેળવી અને એકાઉન્ટ ભાડે આપવાના કમીશન પેટે રૂ.૩૫,૦૦૦/- આપવાની વાત કરી આરોપી અશ્વિન પાસેથી એકાઉન્ટ ભાડે મેળવેલ તેમજ આ આરોપી અશ્વિન પાસેથી ભાડેથી લીધેલ બેન્ક ડીટેલ હાલના કામના અરજદાર/આરોપી વાળાને આરોપી હિરેન રામભાઈ ઉકાભાઈએ આપેલ અને હાલના કામના અરજદાર/આરોપીએ આ એકાઉન્ટ આરોપી હિરેન મારફતે આરોપી અશ્વિન સુખાનંદીનું બેન એકાઉન્ટ કમિશન પેટે ભાડેથી મેળવી તે બેન્ક એકાઉન્ટની ડીટેલ પકડવાના બાકી આરોપી વિનિત અશ્વિનભાઈ પટેલ વાળાને આપી પોતે કમિશનના રૂ.૧૫,૦૦૦/- મેળવી આરોપીઓએ તે એકાઉન્ટમાં સાયબર ફ્રોડના નાણાં નખાવડાવી અને તે ઓનલાઈન ટ્રાન્સફર કરી નાણા સગેવગે કરી ગુનો કરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે તેમજ હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં મહત્વની ભુમીકા રહેલ છે. અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ હોય આરોપીને જામીન મુકત કરવા જોઈએ. જો કે, તે બાબતે જોવામાં આવે તો નામદાર ઉચ્ચકોર્ટે આપેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ચાર્જશીટ થયેલ હોવા માત્રથી કેસના સંજોગોમાં ફેરફાર થયેલ હોવાનું ગણી શકાય નહી. આમ, હાલના કામે ગુનાનું ચાર્જશીટ થયેલ હોય તે માત્રથી ગુનાના સંજોગોમાં કોઈ મહત્વનો ફેરફાર થયેલ હોય તેવું ગણી શકાય નહી. બલકે આ કામના ગુનાની

તપાસ પુર્ણ થતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ થયેલ છે. વધુમાં હાલના સમયમાં સાઈબર ફ્રોડના કિસ્સા દિનપ્રતિદિન વધતા રહેલ છે. વધુમાં કોઈપણ વ્યકિત પોતાના આર્થીક લાભ સારૂ પોતાનું એકાઉન્ટ ભાડેથી કે કમીશનથી સાઈબર ફ્રોડના નાણા જમા કરાવવા માટે પોતાનો આર્થીક લાભ મેળવવા માટે કોઈપણ પરીણામની પરવા કર્યા વિના પોતાનું એકાઉન્ટ આવી સાઈબર ફ્રોડની રકમ જમા કરાવવા માટે આપવામાં આવે છે અને ત્યારબાદ તે વ્યકિત ધ્વારા તેઓ ગુના બાબતે કશું જાણતા નથી તે બાબતે લુલો બચાવ લેવામાં આવતો હોય છે. હકીકતે આવા પ્રકારના ગુનો આચરવાના કારણે સમાજમાં રહેલ બાળકથી માંડીને વૃધ્ધો સુધીના લોકોના નાણા સાઈબર ફ્રોડીના સકંજામાં આવી જઈ નાણા ગુમાવતા હોય છે. ઘણા કિસ્સાઓમાં જે તે વ્યકિત પોતાની નિવૃતિ બાદની રકમ અથવા તો પોતાની મરણમુડી સાચવી રાખેલી હોય તે સાઈબર ફ્રોડનો ભોગ બનવાથી તેની સમગ્ર રકમ ખોઈ બેસતી હોય છે અને તે કારણસર ઘણા કિસ્સાઓમાં વ્યકિત ખુબજ આઘાતમાં પહોંચી જાય છે અને તે કારણસર આત્મહત્યા પણ કરતી હોય છે. આમ, આ કામનો ગુનો ધ્યાને લેતા તે સમાજ વિરોધી અને ગંભીર પ્રકારનો ગુનો રહેલ છે. જેને હળવાશથી લઈ શકાય નહી. વધુમાં આવા ગેરકાયદેસરની પ્રવૃતિમાંથી ઉદભવેલ નાણાનો દેશ વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થતો હોય છે તેમજ આવા નાણા એક આર્થીક પ્રકારનો ગુનો પણ રહેલ છે. જે દેશની અર્થવ્યવસ્થાને પણ નુકશાન પહોંચાડે છે. આમ, આવા ગુના દેશ વિરોધી પ્રવૃતિ ગણી શકાય. વધુમાં તે સંજોગોમાં ગુનાની ગંભીરતા ઘણી વધી જાય છે. આમ, આ કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપિત ગુનો, ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

હાલના અરજદાર/આરોપી જય ઉર્ફે જેમો પ્રકાશભાઈ ઠકકર, રહે. પરીવાર રૂમ્સ, એપા.બ્લોક નં.ડી/૨૦૪, ગોતા, અમદાવાદવાળાની જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૦૪૨૫૦૬૬૧/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામની હાલની રેગ્યુલર જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

- આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)